ગાંધીનગર સમાચાર

તા. ૧૯-૭-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

# બિહાર ઘટના આંખ ઉઘાડે છે

ઉપરથી અમૃતકુંભ મોકલી અપાયો હોય તો પણ આપણા સ્વાર્થી વહીવટકર્તાઓ એને ઝેર બનાવીને જંપે છે. ક્યારેક તો એમ જ લાગે કે આપણું તંત્ર ભરોસો કરવા લાયક રહ્યું નથી. લોકોને સરકારી શાળાઓ અને દવાખાનાં પરથી ભરોસો ઊઠી ગયો છે. સરકારી તંત્રમાં ખાયકી ચાલે ત્યાં સુધી તો સમજાય પણ તંત્ર 'માણસખાઉ' બની ગયું છે તેનો આ નેત્રદીપક દાખલો છે. બિહારના છપરા ખાતે કેન્દ્ર પ્રેરિત મધ્યાહ્ન ભોજન યોજના ત્રીસેક બાળકોના મોતનું કારણ બની ગઈ તે આપણા નઘરોળ તંત્રની કઠોર વાસ્તવિકતા છતી કરે છે. મૃત્યુ આંક સતત વધતો જાય છે અને હાલ સઘન સારવાર હેઠળ જીવનમરણ વચ્ચે ઝઝૂમી રહેલાં કેટલાંક વધુ બાળકો ગુમાવવાં પડે એવી સ્થિતિ પ્રવર્તી રહી છે. એક જ પરિવારનાં નવ બાળકોનો આ મધ્યાહ્ન ભોજનની ગોઝારી થાળીએ ભોગ લીધો છે, ત્યારે એ પરિવારના સભ્યોની મનોદશા અને વ્યથા કેટલી ઘેરી હશે તે કલ્પી શકાય એમ છે. ગુજરાતના વિચક્ષણ બુદ્ધિમતા ધરાવતા પૂર્વ મુખ્યમંત્રીએ રાજયમાં આ યોજના દાખલ કરી ત્યારે વિરોધ પક્ષોએ કાગારોળ મચાવી દીધેલી. છોકરાં ભણવા આવે અને એમને પૌષ્ટિક આહાર પણ મળે એવી શુભ દાનતવાળી યોજનામાં વિપક્ષને મતોનું રાજકારણ વરતાયું હતું. પરંતુ માધવસિંહ સોલંકીની આ ગરીબલક્ષી યોજના તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને સ્પર્શી ગઈ હતી. આખા દેશમાં આ યોજના લાગુ થતાં ગરીબોનાં બાળકો શાળાએ આવતાં થયાં હતાં. આથી અલબત્ત કોંગ્રેસની વોટ બેંક પણ મજબૂત બની હતી. પરંતુ યોજનાનો મૂળ આશય તો ગરીબ-વંચિત- શોષિત પરિવારોનાં બાળકોને શાળાએ આવતાં કરવાનો અને પૌષ્ટિક આહાર પૂરો પાડવાનો જ હતો. આખા દેશમાં અત્યારે આ યોજના અમલમાં છે અને ગુજરાતમાં તો કોઈપણ કેન્દ્રિય યોજનાની જેમ મધ્યાહ્ન ભોજનની યોજના પણ પ્રમાણમાં સફળ થઈ છે. અમલ રાજય સરકાર દ્વારા થતો હોઈ એની સફળતા કે નિષ્ફળતા છેવટે તો રાજયના ખાતે જ ચડતી હોય છે. બિહારમાં ઘણી ગરીબ પ્રજા વસે છે. છપરા પંથકની જે શાળામાં આ દુર્ઘટના બની છે, તે સારણ જિલ્લામાં મધ્યાહ્ન ભોજનના કોન્ટ્રાકટર રાજકીય પક્ષ સાથે સંકળાયેલા હોઈ છેલ્લે રાષ્ટ્રીય જનતા દળના ઉમેદવાર સામે જદ(યુ)ના ઉમેદવાર તરીકે પેટા ચૂંટણી હારી ગયેલા રાજયના શિક્ષણમંત્રી પી.કે. શાહીએ ગંભીર આક્ષેપો કર્યા છે. જો રાજકારણીઓ એમનું વેર વાળવા માટે બાળકોના ખોરાકમાં ઝેર ભેળવવા સુધી નીચા ઊતરતા હોય તો એમની પાસેથી સારા વહીવટની અપેક્ષા રાખવી જ વ્યર્થ છે. રાજય સરકારે ઊંડી તપાસ કરી ગુનેગારોને નશ્યત કરવાની ખાતરી આપી છે, તો સામે લાલુ યાદવ અને ભાજપના નેતાઓ નીતીશકુમારનું રાજીનામું માગી રહ્યા છે. છપરા બંધ અને બિહાર બંધનાં એલાનો અપાયાં, કરોડોથી જાહેર સંપત્તિ આગમાં હોમાઈ ગઈ. હવે આ મુદ્દે છેક આગામી લોકસભાની ચૂંટણી સુધી ગંદુ રાજકારણ ખેલાતું રહેશે. નીતીશકુમાર સામે એક પછી એક નવા નવા પડકારો આવી રહ્યા છે. ગઈકાલ સુધી એમના વખાણ કરતાં થાકતાં ન હતા તેવા ભાજપના નેતાઓ એમને યેનકેન પ્રકારેણ બદનામ કરવા કૃતસંકલ્પ છે. આ બધામાં સૌથી મોટું નુકસાન તો પ્રજાને જ થવાનું છે. બે લાખ રૂપિયાનું વળતર આપી દેવાથી કુટુંબનો હોલવાઈ ગયેલો દીવો ફરી પ્રગટવાનો નથી. રાજકીય પક્ષો આવી દુર્ઘટનાના મૂળમાં ઊતર્યા વગર સીધા જ એકબીજા પર ગંદી-ગલીચ આક્ષેપબાજી શરૂ કરી દે છે. ખરું જોતાં આવી ઘટનાને આપણી અસ્મિતા ઉપરનું રાષ્ટ્રીય કલંક ગણી બધાએ ભેગા મળી એનું પુનરાવર્તન ન થાય એવું જડબે સલાક આયોજન ગોઠવવું જોઈએ. પરંતુ નિર્દોષ બાળકોનાં મોત પર રાજકારણનો રોટલો શેકવા તલપાપડ થઈ રહેલા હલકટ કક્ષાના નેતાઓને એટલી રાહ જોવાનો તો વખત જ ક્યાં છે?



બાળકો વચ્ચે અભ્યાસ સાથે ઈતર પ્રવૃત્તિઓ યોજી તેઓની આંતરિક શક્તિઓ અને મેઘાશક્તિ ઉજાગર થાય તે હેતુથી તેમજ વિદ્યાર્થીઓના સતત સર્વગ્રાહી મૂલ્યાંકન સાથે તેઓના સર્વાંગી વિકાસ માટે સુંદર મઝાના કાર્યક્રમોનું પ્લેટફોર્મ પૂરું પાડતી 'સ્કૂલ ઓફ એચિવર' - કુડાસણ ખાતે તા. ૧૩ જુલાઈએ સવારે 'વર્ષાના વધામણાં' કાર્યક્રમ સંપન્ન થયો. શાળાના ગ્રીન, રેડ, યલો અને બ્લ્યૂ હાઉસના વિદ્યાર્થીઓ વચ્ચે ધોરણ-૫ થી ૭માં પ્રાર્થનાઓ અને વર્ષાઋતુના ગીતો, ધો-૧ થી ૪માં મોન્સૂન ડાન્સ સાથે ગીત સંગીત તથા ધો-૮ થી ૧૦માં જનરલ નોલેજ, સાયન્સ તથા સાંપ્રત પ્રવાહોની પ્રશ્નમંચ કવીઝ યોજવામાં આવી હતી, જેમાં યલો હાઉસ અને ગ્રીન હાઉસના સ્પર્ધકો વિજેતા બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું એન્કરીંગ કવિતાબેન દહિયા સાથે હાઉસ દીઠ વિદ્યાર્થીઓ - ઉન્નતિ પી. દવે, ગઢવી કશ્યપ, હિમાલી પટેલ, હેલી પટેલ, તુષાર પટેલે કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા માર્ગદર્શન શ્રી જગદીશ સુથાર તથા હીનાબેન ત્રિવેદીએ પૂરું પાડ્યું હતું તેમજ નિર્ણાયક તરીકે ત્રિવેદી રશ્મિબેન તથા સોની પૂર્વીબેને સેવાઓ આપી હતી. કાર્યક્રમના કો-ઓર્ડીનેટર તરીકે શિલ્પાબેન પંડ્યા તથા રાઠોડ મૌસમીબેન હતા.



ચૂંટણી આવી રહી છે, ત્યારે...મેં તો ખાલી સારો વર અને સાથો સાથ સારો વડાપ્રધાન પણ માંગ્યો છે...!

## એસ્વે દ્વારા તેજસ્વી તારલા સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૮

એસો.ઓફ.સિનિયર એન્જીનીયર્સ એન્ડ આર્કિટેકટસની માસિક સભા જુલાઈ માસની મળશે. તેમજ ઈજનેરી, અને સ્થાપત્યની પરીક્ષામાં ઉર્તીણ થયેલા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તા. ૨૧મી જુલાઈના રોજ સેકટર-૨૧ જિલ્લા પુસ્તકાલયના પ્રથમ માળે યોજાશે. સભ્યોની સભા સાડા દશે યોજાશે. અને વિદ્યાર્થીઓનું સન્માન સાડા અગીયાર વાગે કરાશે તો સંબંધકર્તાએ હાજર રહેવા મંત્રી હસમુખભાઈ શાહે જણાવેલ છે.

## સરકારી કોલેજની વિદ્યાર્થીનીઓએ નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સેકટર-૧૫ ખાતે આવેલી સરકારી વિનયન કોલેજના સમાજશાસ્ત્ર વિભાગની ૩૭ વિદ્યાર્થીનીઓ દ્વારા સેકટર-૧૨ ખાતે આવેલ 'માતૃછાયા' નામની નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લીધી હતી.

સરકારી વિનયન કોલેજની સમાજ શાસ્ત્ર વિભાગની વિદ્યાર્થીનીઓ એ જે સમયે મુલાકાત લીધી ત્યારે સંસ્થાના પ્રમુખ તેમજ સર્વે સહકર્મચારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા સંસ્થાની સંપૂર્ણ વિગત કોલેજની વિદ્યાર્થીનીઓને આપી હતી તેમજ સમાજમાં વધુ પડતા બહેનો ઉપરના અત્યાચારને રોકવા માટે સંગઠિત થઈ કામ કરવું પડશે અને અત્યાચાર બાદ સંસ્થા આ બાબતે શું કરી શકે તે પણ જણાવ્યું હતું. વધુમાં સંસ્થાની મુલાકાત દરમિયાન યોજાયેલ બેઠકમાં વિદ્યાર્થીનીઓએ પ્રશ્નોત્તરી કરી અત્યંત રસપ્રદ ચર્ચા ગોષ્ઠી યોજાઈ જેમાં સરકારી કોલેજમાં સમાજશાસ્ત્રના અધ્યક્ષ ભાગવત મેડમ અને સોનલ મોદી ઉપસ્થિત રહ્યા હતાં.

## શિક્ષક દ્વારા વિદ્યાર્થીનીઓને માર મારતા વાલી ઉશ્કેરાયા

અમદાવાદ, તા.૧૮

અમદાવાદના વિરાટનગર વિસ્તારમાં આવેલ સ્કોલર ધોરણ-૭ની બે વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યએ ફુટપટ્ટી વડે માર મારતા ચકચાર મચી જવા પામી હતી. વિદ્યાર્થીનીને માર મારનાર આચાર્ય વિરૂધ્ધ વાલીઓએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે જેના આધારે ઓઢવ પોલીસ ફરીયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના વિરાટનગરમાં સ્કોલર પ્રાથમિક શાળા આવેલ છે. આ શાળામાં ધોરણ-૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ચૈતાલી વ્યાસએ કલાસનું બ્લેક બોર્ડ તુટી ગયું હતું જેના કારણે શાળાના આચાર્ય વિણાબેનને વિદ્યાર્થીની ચૈતાલી વ્યાસ અને તેની મિત્ર જીનલને ફુટપટ્ટી વડે ઢોર માર માર્યો હતો. આ અંગે વિદ્યાર્થીનીઓએ પોતાના વાલીઓને જણાવતા વાલીઓએ આજે સવારે કલોર સ્કુલમાં આચાર્ય સમક્ષ રજુઆત કરવા પહોંચી ગયા હતા. જો કે શાળાના આચાર્યએ વાલીઓની વાત સાંભળતા વાલીઓએ આખરે શાળાના આચાર્ય વિરૂદ્ધ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી છે. આ અંગે વિદ્યાર્થીના વાલી લતાબેને જણાવ્યું હતું કે શાળાના આચાર્યએ અમારી બાળકીને ફુટપટ્ટી વડે ઢોર માર માર્યો હતો જો વિદ્યાર્થીનીથી કોઈ ભૂલ થઈ હોય તો શાળાના આચાર્યએ અમને વાત કરવી જોઈતી હતી. એટલું જ નહીં તેમને જો બ્લેક બોર્ડ તોડવાના પૈસા જોતા હોય તો અમારી પાસે માંગી લેવા હતા. એટલું જ નહીં અમે જ્યારે શાળાના આચાર્ય સમક્ષ રજુઆત કરવા ગયા ત્યારે તેમને અમને પોતાના વિદ્યાર્થીનીઓ ભૂલ કરે તો શિક્ષા કરવાનો અધિકાર છે તેમ કહીને આગળ કંઈપણ સાંભળવાની ના પાડી દીધી હતી.

## સીસીસીનુ પ્રમાણ પત્ર મેળવી લેવા બાબત

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ GCVTના તા. ૭-૫-૨૦૧૨ના જાહેરનામા મુજબ કોર્સ ઓન કોમ્પ્યુટર કોન્સેપ્ટ CCCની પરીક્ષા તા. ૨૯-૩-૨૦૧૩, તા. ૩૦-૩-૨૦૧૩ અને તા. ૩૧-૩-૨૦૧ના રોજ યોજાયેલ હતી. તેના પરીણામની જાહેરાત GCVT ની વેબ સાઈટ www.gcvt.org ઉપર કરવામાં આવેલ છે. ITI ગાંધીનગર ખાતેથી ફોર્મ ભરેલ હોય અને ઉપરોક્ત તારીખે CCC ની પરીક્ષા આપેલ હોય તેવા સંબંધીત કર્મચારીઓ/સંસ્થાએ તેઓનું પરીણામ અત્રેની સંસ્થા ખાતેથી ઓળખપત્ર સાથે રાખી મેળવી લેવા જણાવામાં આવ્યું છે.

## આજે ટાઉનહોલ ખાતે 'વીજળી લખે કંકોત્રી' શિર્ષક તળે યોજાશે ગુજરાતી ગીતોનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શનિવાર શહેરની જાણીતી કલા સંસ્થા સંસ્કૃતિ તથા ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સંયુકત ઉપક્રમે વરસાદના વધામણાંરુપે ભીંજવી દે તેવા ગુજરાતી ગીતોનો કાર્યક્રમ 'વીજળી લખે કંકોત્રી' શિર્ષક તળે તા. ૧૯-૭-૧૩ને શુક્રવારના રોજ રાત્રે ૯-૦૦ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે.

ગુજરાતના કવિઓએ વરસાદ ઉપર અનેક ગીતો લખ્યા છે. આવા ગીતો લોકપ્રિય પણ થયા છે. શ્રી રમેશ પારેખે લખ્યું છે કે 'આકળ વિકળ આંખ કાન વરસાદ ભીંજવે, મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે' આવા વરસાદી ગીતો રજુ કરવાનો ઉપક્રમ આ કાર્યક્રમમાં રખાયો છે. અમદાવાદના શ્રી અમીત ઠકકરના સંગીત સંચાલન હેઠળ કુ. દીપ્તિ દેસાઈ, કુ. મોસમ અને કુ. મલકા તથા શ્રી મિહિર જાની રસતરબોળ કરી દે તેવા ગુજરાતી ગીતો આ કાર્યક્રમમાં પ્રસ્તુત કરશે.

## ગઝલકાર શ્રી હરીશ મીનાશ્રુને ૨૦૧૨ના વર્ષનો 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' અર્પણ કરાશે

અમદાવાદ, તા.૧૮

ગુજરાતના પ્રથમ ઉર્દુ શાયર 'વલી' ગુજરાતીની સ્મૃતિમાં રાજય સરકારે સ્થાપલા 'વલી' ગુજરાતી ગઝલ કેન્દ્રના ઉપક્રમે જાણીતા ગઝલકાર શ્રી હરીશ મીનાશ્રુને વર્ષ ૨૦૧૨ માટે રૂ. ૧,૦૦,૦૦૦ શાલ અને સન્માનપત્રથી વલી ગુજરાતી ગઝલ એવોર્ડ માન મંત્રીશ્રી રમણભાઈ



વોરાના વરદહસ્તે અર્પણ કરાશે. પ્રતિ વર્ષ કોઈ એક મૂર્ધન્ય ગઝલકારને તેમના સમગ્ર જીવન અને કવનને ધ્યાનમાં રાખી રૂપિયા એક લાખનો 'વલી ગુજરાતી ગઝલ એવોર્ડ' અર્પણ કરવામાં આવે છે. જેનો સમારોહ તા. ૨૨-૭-૨૦૧૩ને સોમવારે રાત્રે ૮ કલાકે રા.વિ. પાઠક સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા પાછળ નદી કિનારે આશ્રમ રોડ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે શ્રી હરીશ મીનાશ્રુનું ગઝલ ક્ષેત્રે પ્રદાન વિશે ડૉ. અજિત ઠાકોર, વકતવ્ય આપશે.

## ચૌધરી કોલેજમાં હેન્ડીક્રાફ્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના હોમ સાયન્સ વિભાગ દ્વારા વિદ્યાર્થીનીઓની સર્જન શકિત વિકસે તેવા ઉમદા આશયથી હેન્ડીક્રાફટ વર્કશોપનું આયોજન ગત તારીખ ૨ જુલાઈથી ૫ જુલાઈ દરમિયાન કરવામાં આવ્યું હતું.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની હોમ સાયન્સ વિભાગ દ્વારા હેન્ડી ક્રાફટ વર્કશોપનું આયોજન કરાયું કોલેજની તેમજ ગાંધીનગરની ઘણી બહેનોએ લાભ લીધો હતો. જેમાં વિષય તજજ્ઞ એવા આર્મીબેન, હાર્દિકભાઈ ચૌધરી દ્વારા વિદ્યાર્થીનીઓને જુદા જુદા આર્ટીકલ્સ જેમ કે પેપરબેગ, કીચન નોટપેડ, ગીફટ બોકસ, શગુન કવર્સ, ફલાવર્સ, બ્રોચ, કાર્ડસ વગેરે બનાવતા શીખવાડયા હતા. વર્કશોપના અંતે કોલેજના આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીના હસ્તે વિદ્યાર્થીનીને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કાર્યક્રમના કો. ઓર્ડીનેટર પ્રતિમાબેન છનિયારા તેમજ મનિષાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# "દોમ દોમ સંગીતની સાહ્યબીથી રોમ રોમ છલકાતો માણસ..." : જયેન્દ્રકુમાર વ્રજલાલ માંકડ

## કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

કોઈ કવિએ કહ્યું છે, 'સંગીત એ જીવનનો ધબકાર છે, સૂરની સાધના છે, ફૂલની નજાકત, મનની કળા તો દિલનાં સ્પંદનો છે. સંગીત એ શમણાંની સરિતા છે, ભાવનાનું મંદિર છે, સંગીત એ પ્રભુ સાથેની ભાષા છે.' આજે સંગીતને વરેલી અનોખી પ્રતિભાનો માલિક જયેન્દ્રભાઈ માંકડનો પરિચય મેળવીએ.

સંગીત, સાહિત્ય અને સંસ્કારને સમર્પિત કુટુંબમાં ૧૯૪૪માં જામનગર ખાતે જન્મેલા જયેન્દ્રભાઈ (વતન - પોરબંદર) નો શાળાભ્યાસ પોરબંદર. ૧૯૫૪-૫૫માં ધોરણ પાંચમાં શાળાનાં પાંચ પસંદ કરેલા વિદ્યાર્થીઓમાંના એક જનુભાઈ નિત્ય સુરીલી પ્રાર્થના ગવડાવે. ખુલ્લા મેદાનમાં વડના ઝાડનો ઓટલો એ સ્ટેજ. સુંદર વાતાવરણમાં પ્રાર્થના વડે પવિત્ર માહોલ સર્જાય અને આ રીતે સંગીતની દુનિયામાં જનુભાઈનો પ્રવેશ થયો.

જીવનને ત્રણ તબક્કામાં વિભાજીત કરીને જીવનાર જનુભાઈએ પ્રથમ તબક્કામાં શાળામાં ૫ થી ૮ ધોરણમાં ગાવાનું અને સાથે વગાડવાનું પણ શરૂ કર્યું. ધોરણ સાતમાં એક વખત માંદગી ને કારણે શાળાનાં ન જઈ શક્યા અને ઘરમાં 'ટાઈસોકોટો' હતો તેની પણ હાથ અજમાવ્યો જેમાં સુરીલા સૂરો છેડાવા જ લાગ્યા! ધોરણ-૮માં શાળા કાર્યક્રમમાં 'તેરે દ્વાર ખડા ભગવાન...' ગાઈને બધાને અચંબામાં મૂકી દીધાં. માનો ઈશ્વરની કૃપાથી સુરો સંકળાઈ ગયા હોય તેમ જયેન્દ્રભાઈએ પોરબંદરમાં ગણેશોત્સવ દરમિયાન સ્પર્ધામાં ટાઈસોકોટા પર કૂહૂ કૂહૂ બોલે કોયલીયા... વગાડીને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

૧૯૫૭માં સાઈટોકોરો વગાડવાની સાથે જ સંગીત સાથે પ્રીતિ થઈ ગઈ હતી. 'બીનાકા' ગીતમાલા અચૂક સાંભળવા બેસી જાય. ગીતો સાંભળવાની સાથે હાર્મોનીયમ પર આંગળીઓ પણ રમવા લાગે! આમ 'બીનાકા' એ જનુભાઈના પ્રથમ ગુરૂ, જેમની પાસેથી હાર્મોનીયમ શીખ્યા!

૧૯૬૧માં મેટ્રિકની પરીક્ષા વખતે પિતાજીએ વચન આપ્યું હતું કે પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થઈશ તો નવો બેન્જો (ટાઈસોકોટો) અપાવીશ. પ્રથમ વર્ગમાં પાસ થઈને રૂા. ૧૮ નો નવો ટાઈસોકોટો ખરીદીને કુટુંબીજનો એ ભેટ ધર્યો! જયેન્દ્રભાઈનાં ઘરમાં બધાં સંગીત પ્રેમી. મોટાભાઈ હરેન્દ્રભાઈ વાંસળીના સુર છેડે અને જયેન્દ્રભાઈ બેન્જો. માતા હીરાલક્ષ્મીબેન પણ રફી સાહેબના ગીતોના ચાહક. ઘરે સંગીતની બેઠકો પણ અવાર-નવાર યોજાતી. આ બધાના કારણે જનુભાઈનો સંગીત રસ વધતો રહ્યો.


મેટ્રિક બાદ પોરબંદર ખાતે ડીપ્લોમાં ઈન સિવિલ એન્જીનીયરીંગ ફર્સ્ટ કલાસ પાસ કર્યું. એ દરમિયાન પાડોશમાં રહેતાં મિત્ર સુરેન્દ્ર રાઠોડનાં મેન્ડોલીન પર પણ જયેન્દ્રભાઈએ હાથ અજમાવીને પોલીટેકનીકના અભ્યાસ સાથે દરેક કાર્યક્રમોમાં મેન્ડોલીન પર ગીતો વગાડતા થયા. ૧૯૬૫-૬૬માં સૌરાષ્ટ્ર કેમીકલ્સ, પોરબંદરમાં એન્જીનીયર તરીકે નોકરી મળી, પરંતુ જીવનમાં કાંઈક કરવાની, બનવાની મહેચ્છા ધરાવતા જયેન્દ્રભાઈ એ વડીલોની અનિચ્છા છતાં નોકરી છોડીને, વલ્લભવિદ્યાનગર બી.વી.એમ.માં બી.ઈ. સીવીલ કર્યું. સંગીત માટે જ સર્જાયેલા જયેન્દ્રભાઈએ મિત્રનું વાયોલીન વગાડીને તેમાં પણ નિપુણતા પુરવાર કરી. કોલેજ ટેલેન્ટમાં વાયોલીન પર 'પ્યાસે પંછી...' ગીત વગાડીને તેઓ છવાઈ ગયા. કોલેજ ટેલેન્ટ ઉપરાંત પોરબંદર મિત્ર મંડળ (વલ્લભ વિદ્યાનગર) માં ખૂબ કાર્યક્રમો કર્યા. બેન્જો, હાર્મોનીયમ, મેંડોલીન, વાયોલીન વગાડવા સાથે ગાયન, બંનેમાં પોતાની આવડત વડે જયેન્દ્રભાઈ સંગીતક્ષેત્રે છવાઈ ગયા.

૧૯૬૯ - ૭૦ માં જીવનનો બીજો અને નવો તબક્કો શરૂ થયો. પાણી પુરવઠા વિભાગ, રાજકોટમાં જુનીયર એન્જીનીયર તરીકે નોકરી મળી. રાજકોટ સંગીત સભાનાં સભ્ય બન્યા. અને ત્યાં આવતાં વોકલ, ઈન્સ્ટ્રુમેન્ટલ અને રીધમ એમ ત્રણેના ઉચ્ચ કોટિનાં કલાકારોને સાંભળવાનો લ્હાવો મળ્યો. સાથે સાથે આકાશવાણીનો કાર્યક્રમ 'સ્વર સુધા' નિયમિત સાંભળતા તેથી ગીતના રાગ વિશે સમજણ વિકાસ પામતી ગઈ. શ્રવણ પણ ગુરૂ છે. આમ ગુરૂ 'સ્વર સુધા' પાસેથી પણ જયેન્દ્રભાઈને પ્રેરણા પ્રાપ્ત થઈ. રાજકોટ સંગીત મહાવિદ્યાલયમાં ઉસ્તાદ ગુલામ કાદિર ખાન સાહેબનું સિતાર માટે પ્રેમ અને માર્ગદર્શન મળ્યું. ૧૯૭૦માં જયેન્દ્રભાઈએ સિતારની ખરીદી કરી. રાજકોટ - પોરબંદરમાં જાણીતા કલાકારો હરીશ ભટ્ટ અને નવીન મહેતા વિ. સાથે મળીને અનેક બેઠકો, કાર્યક્રમો કર્યા. ૧૯૭૨માં માંકડ સાહેબનું ડેપ્યુટી એન્જીનીયર તરીકે મહેસાણા પોસ્ટીંગ થયું. રફી સાહેબનાં ગીતો માંકડ સાહેબનો પ્રથમ લગાવ. મહેસાણા, ધંધુકા, ધુવારણ વિ. જગ્યાએ માંકડ સાહેબે કાર્યક્રમો આપ્યા.

૧૯૭૪માં બદલી થતાં માંકડ સાહેબ ગાંધીનગરવાસી બન્યા. તે સમયે બેઠકોનો સીલસીલો ચાલતો હતો. મિત્રો સાથે પરિચય થતાં પહેલો કાર્યક્રમ નાગરમંડળના ઉપક્રમે વરિષ્ઠ કલાકાર મુનિકુમાર દેસાઈ વિ. સાથે યોજાયો. પછી તો ૧૯૭૪ થી ૮૦ દરમિયાન અનેક બેઠકો, કાર્યક્રમોમાં માંકડ સાહેબના ગાયન અને વાદનનાં કાર્યક્રમો થતા. મીઠા અને દર્દીલા અવાજથી માંકડ સાહેબ રફીજીના ગીતો, ભજનો વિ. રજૂ કરે. 'મૈલી ચાદર ઓઢ કે...ભજનની ફરમાઈશ હોય જ! સેક્ટર-૨૨ ના લોકપ્રિય ગણેશોત્સવમાં જાણીતા ગાયક બંકિમ પાઠક સાથે એક સ્ટેજ પરથી ગાવાની તક મળી હતી. જેમાં માંકડ સાહેબે સુંદર રજૂઆત કરી ચાહના પ્રાપ્ત કરી હતી. યુગલ ગીતોમાં તુમ્હે યાદ હોંગા કભી હમ મીલ થે..., એ મેરે દિલ કહાં ઔર ચલ વિ. ગીતોની બખુબી રજૂઆત કરીને મનને પ્રસન્ન કરી દેતાં.'

૧૯૮૦-૮૧ એક વર્ષ સુરેન્દ્રનગર બદલી થતાં માંકડ સાહેબે ત્યાં પણ સંગીત સાધના ચાલુ જ રાખી. ૮૧ ઓગસ્ટમાં ગાંધીનગર પરત આવેલા માંકડ સાહેબે તાનપૂરો, મેંડોલીન, હાર્મોનીયમ વસાવ્યા અને ગાયન, વાદન સાથે સ્વર રચનાઓ પણ સજાવવા લાગ્યા.

૧૯૭૮માં પુત્રી દેવલના જન્મ સાથે માંકડ સાહેબનો જીવનનો ત્રીજો તબક્કો શરૂ થયો. ડેપ્યુટી એન્જી.થી એડીશનલ સેક્રેટરી સુધીની નોકરી દરમિયાન માંકડ સાહેબ અનેક કાર્યક્રમો કર્યા છતાં કાંઈક ખૂટતું લાગતું. ગીતો ગાઈ શકે, તાલ પુરાવે પરંતુ દરેક ગીતનો રાગ કયો છે તે જાણવું અઘરૂં લાગે. તે જ સમયે 'આશ્રમ ભજનાવલિ' જોઈ જેમાં દરેક ગીતો નોટેશન સાથે (રાગની સમજણ) હતા અને માંકડ સાહેબના જીવનના ત્રીજા ગુરૂ એટલે 'આશ્રમ ભજનાવલિ' સંગીતમાં રહેલી જાદુઈ શક્તિ દિલોદિમાગને તરોતાજા કરે છે. ઉપરાંત સંગીતને આધ્યાત્મિકતા સાથે



જૂનો સંબંધ છે. તે મુજબ માંકડ સાહેબનું સંગીત સાથે અદ્ભૂત આધ્યાત્મિક જોડાણ છે. માંકડ સાહેબ ત્રીજા ગુરૂકૃપાથી શાસ્ત્રીય સંગીત પણ સહજ રીતે ગાવા લાગ્યા. આમ ફક્ત મહેનત અને રામકૃપાથી જ માંકડ સાહેબને સૂરની પ્રાપ્તિ થઈ છે.

ગાંધીનગરમાં નાગર મંડળ, એન્જીનીયર્સ એસોસીએશન, સિનિયર સિટીઝન કાઉન્સીલ, અરવિંદ કેન્દ્ર, નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ (કબીરના ભજનોનો આખો કાર્યક્રમ અને સાઈગલ સંધ્યા), રફી સ્પેશ્યલ, તલત-હેમંત સ્પેશ્યલ નાઈટ, વિ. કાર્યક્રમો ઉપરાંત અનેક બેઠકોમાં માંકડ સાહેબે પોતાના ગાયન અને વાદન વડે શ્રોતાઓનાં દિલ જીતી લીધા છે. દર વર્ષે ૩૧ જુલાઈએ રફી સાહેબને શ્રદ્ધાંજલિ આપવા પોતાના ઘરે (ઘણાં મિત્રો સાથે) બેઠક હોય જ. જેમાં સવાર સુધી ગીતો ગાયા છે. ફક્ત નિજાનંદ અને અન્યને આનંદ એ જ લક્ષથી કાર્યક્રમો કરતાં માંકડ સાહેબ પોરબંદર, જામગનર, રાજકોટ, ધુવારણ, વણાકબોરી, વલ્લભવિદ્યાનગર, વડોદરા, અમદાવાદ, જામખંભાળીયા તેમજ વર્ષોથી ગાંધીનગરમાં કલા પીરસે છે.

૧૯૯૧માં યુ.કે. અને ૧૯૯૭માં યુ.એસ.એ. નોકરી દરમિયાન તાલીમ પ્રોગ્રામમાં માંકડ સાહેબ ગયા ત્યારે ત્યાં પણ પોતાના કંઠનો પરિચય કરાવ્યો છે. માંકડ સાહેબનાં સે.૧૯ના ઘરે સ્વરકાર દિલીપ ધોળકીયા પધારેલ અને ત્યાં યોજાયેલ બેઠકમાં માંકડ સાહેબને સાંભળીને દિલીપભાઈએ ખૂબ સરાહના કરી હતી. પૂ. ક્રિષ્ણ પ્રિય સ્વામી સાથે પણ ભજનો ગાવાનો તેમને લ્હાવો મળ્યો છે. માંકડ સાહેબે ૪૦ થી ૫૦ સ્વરાંકનો કરેલા છે. શ્રીરામ કૃપાથી ૧૫૦૦ થી વધુ ગીતો, ગઝલો, ભજનો વિ. તેમના ગાવાના ખજાનામાં ઉપલબ્ધ છે.

ક્રિકેટના અચ્છા ખેલાડી અને ભારતના ક્રિકેટ સ્ટાર સ્વ. વિનુ માંકડના દૂરના સગા, ફટાકડા ફોડવા અને પતંગ ઉડાડવાનો (રેકોર્ડ બ્રેકર) માંકડ સાહેબના અદનાં શોખ છે.

૧૭મે ૧૯૭૩માં જયેન્દ્રભાઈનાં પલ્લવીબેન સાથે લગ્ન થયા હતા. (મેગા સ્ટાર, બીગ બી અમિતાભ બચ્ચન જયાના લગ્નજીવનની જેમ જયેન્દ્રભાઈ - પલ્લવીબેનના સુખી દાંપત્યના ૪૦ વર્ષ પુરા થયા છે) ખૂબ અભિનંદન!

પ.પૂ. મોરારીબાપુના કહ્યા મુજબ 'દીકરી દેવો ભવ' માનનારા માંકડ સાહેબની ત્રણ દીકરીઓ દેવલ (સંગીત વિશારદ અને ભરત નાટ્યમ્) પિતાનો સંગીત અને કલાના વારસાને, માતા-પિતાના માર્ગદર્શન અને વ્હાલ વડે સુપેરે સાચવ્યો છે. ત્રણે દીકરીઓ રેડિયો કલાકાર છે. વ્હાલના દરિયા સમી દીકરીઓની પ્રગતિ એ પોતાની અને ધર્મપત્ની પલ્લવીબેનની સિદ્ધિ માને છે અને માંકડ સાહેબની સમગ્ર પ્રવૃત્તિમાં કલાપ્રેમી, પ્રેમાળ પલ્લવીબેનનો સહકાર અજોડ છે તેમ માંકડ સાહેબ માને છે.

સંગીતના ૬૦ વર્ષ દરમિયાન માંકડ સાહેબે ટાઈસોકોટો, હાર્મોનિયમ, મેંડોલીન, વાયોલીન, સિતાર, વાંસળી, કેશીયો અને કિ-બોર્ડ વિ. ઈન્સ્ટ્રુમેન્ટ વગાડેલ છે. અત્યંત સરળ અને નિખાલસ માંકડ સાહેબ રફી સાહેબની ગાયકીની શૈલીથી પ્રભાવિત હોવાથી રફી સાહેબના ગીતોનાં નવરસને ઝીલી શક્યા છે. 'મધુબન મેં રાધિકા નાચે રે...' માંકડ સાહેબ પાસે સાંભળ્યું એ લ્હાવો છે.

ગાયક, વાદક અને સ્વરકાર માંકડ સાહેબ પોતાના જીવનનું સરવૈયું ત્રણ બાબતોને આધારે કાંઈક આવી રીતે માંડે છે.

ગાવું - વગાડવું - સ્વરરચના
બિનાકા - સ્વર સુધા - આશ્રમ ભજનાવલિ
ફિલ્મી - શાસ્ત્રીય - સુગમ (ગાવાનું)
મોમ (માં) - મોહમદ રફી - મોરારી બાપુ
હાર્ડ વર્ક - સીન્સીયારીટી - પરફેકશન

ઉપરોક્ત વસ્તુઓ જીવનમાં આવી અને એનો સદ્ઉપયોગ કરતાં માંકડ સાહેબ વર્ષોથી સંગીતની સ્પર્ધાઓમાં નિર્ણાયક તરીકે સેવાઓ આપે છે.

અગાઉ જણાવ્યા પ્રમાણે માંકડ સાહેબના જીવનના તાર સંગીત સાથે અદ્ભૂત અને આધ્યાત્મિક રીતે જોડાયેલા છે. આ તાર તેમને હજી પણ વધુ ઊંચાઈએ લઈ જઈને પરમ સુખની પ્રાપ્તિ કરાવે તેવી અનેક શુભેચ્છાએ....